સોશીયલ મીડયા ઇન્સ્ટાગ્રામ ઉપર ફેક એકાઉન્ટ બનાવી ફરીયાદીશ્રીને ઈન્સ્ટ્રાગ્રામમાં મેસેજ કર પીછો કર વિભત્સ ફોટો, પોર્ન વિડયો તથા ફરીયાદીના ફોટોને મોર્ફ કરી વિભત્સ ફોટો બનાવી ફરીયાદીને મોકલેલ તેમજ ફરીયાદીનો વિભત્સ વિડિયો બનાવી વાયરલ કરવાની ધમકી આપનાર આરોપીઓને ઝડપી પાડતી સુરત શહેર સાયબર ક્રાઈમ સેલ ટીમ તથા અમરોલી પોલીસ સ્ટેશનની ટીમ.

અમરોલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૦૦૦૪૨૨૨૨૯૫/૨૦૨૨ ઇ.પી.કો.કલમ-૩૫૪(એ)(૧),૩૫૪(ડ), ૨૯૨, ૫૦૦, ૫૦૬ તથા ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટની કલમ-૬૬(સી), ૬૬(ઇ), ૬૭ મુજબના કામે ગઇ તા.૧૩/૦૯/૨૦૨૨ થી ફરીયાદ દાખલ થયેલ ત્યાં સુધી અજાણ્યા મોબાઇલ નં.૮૧૬૦૭૨૨૦૩૧ નો ઉપયોગ કરનાર આરોપીઓએ ફરીયાદીને ફોન કરી મિત્રતા કરવા માટે ફોન કરી હેરાન કરી તેમજ gupchup8869 ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી ફરીયાદીના ઈન્સ્ટાગ્રામ આઈડી પર અવાર નવાર વીડયો કોલ કરી તેમજ બિભત્સ ફોટા મુકી તેમજ ફરી.ના બિભત્સ ફોટા બનાવી અપલોડ કરી તેમજ વિભત્સ વિડિયો બનાવી સોશીયલ મિડીયામાં વાયરલ કરવાની ધમકી આપી ફરીયાદીને હેરાન કરી બદનામ કરી ગુનો કર્યા વિગરે બાબતનો ગુનો દાખલ થયેલ.

જે ગુનાની ગંભીરતા લઈ સાયબર ક્રાઈમના અધિકારી/કર્મચારીએ ટેકનીકલ વર્ક આઉટ કરી આ ગુનાના સંડોવાયેલ આરોપી (૧) હરી નિલા બહેરા ઉ.વ ૨૭ ધંધો. એમ્બ્રોડરી રહે, અબાબેન ઠાકોરના મકાનમા, કુભાર ફળિયુ, કુલપાડ, બેંક ઓફ બરોડા એ.ટી.એમ વાળી ગલીમાં, કતારગામ, સુરત મુળ વતન ગામ-બેગુનિયાપાડા, થાના કોદલા જી. ગંજામ (ઓડીશા) (૨) પબિત્ર બિધ્યાધર મુદુલી ઉ.વ.૩૪ ધંધો. સિવણ રહે, અબાબેન ઠાકોરના મકાનમા, કુંભાર ફળિયુ, કુલપાડ, બેંક ઓફ બરોડા એ.ટી.એમ વાળી ગલીમાં, કતારગામ, સુરત શહેર મુળવતન કંડાસરાગામ ફાસી પોસ્ટ બેગુનિયાપાડા, થાના કોદલા જી. ગંજામ (ઓડીશા) નાઓએ ગુનાના કામે ઉપયોગમા લીધેલ મુદામાલ મોબાઈલ નંગ- ૦૨ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.